ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**<u>અખબારી યાદી</u>**

તા:૦૩/૦૬/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
................................, ભાવનગર.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ચર્તુવિધ કાર્યક્રમોનુંઆયોજન.

૨૧મી સદીમાં ઝડપથી વિકસી રહેલી ટેકનોલોજીની સાથે તેનાંથી મળતા વિપરીત પરીણામોનાં પડકારને પહોચી વળવા માટેલોક જાગૃત્તિ કેળવવાનાં હેતુસર સમગ્ર વિશ્વમાં વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

જેનાં ભાગ રૂપે તા. ૫ મી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે પુરા વિશ્વમાં ઉજવવામાં આવે છે. જેની ઉજવણી ભાવનગર જીલ્લામાં કલેકટર કચેરી, ભાવનગર, મહાનગર પાલિકા, ભાવનગર, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુકત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંર્તગત **પર્યાવરણ જાગૃત્તિ રેલીનું આયોજન તા ૦૫/૦૬/૨૦૧૬ના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી ૦૯:૦૦ કલાક દરમ્યાન મોતીબાગ ટાઉનહોલથી થશે.** આ રેલી ટાઉનહોલથી શરૂ થઈને રૂપમ ચોક (ધોધા ગેટ), ગંગા દેરી, વોશીગ ધાટ, જશોનાથ ચોકથી ટાઉનહોલ પરત ફરશે. આ રેલીના પ્રસ્થાન સમારોહમાં માનનીય કલેકટર શ્રી બંછાનીધી પાની, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પ્રાદેશિક અધિકારી શ્રી આર. આર. વ્યાસ, કલ્યાણ ફાઉન્ડશન ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી પરેશભાઈ ત્રીવેદી, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ વગેરે મહેમાનો હાજર રહેશે.

ઉપરોકત રેલી પૂર્ણ થયાબાદ મહેમાનો દ્વારા **"વન બચાવો, વન્ય સૃષ્ટિ બચાવો" વિષય પર આયોજીત પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા**નું દિપ પ્રાગટ્ય કરીને મોતીબાગ ટાઉનહોલ ખાતે ઉદઘાટન કરવામાં આવશે. આ પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજાશે. **જેમાં પ્રથમ વિભાગમાં બાળ મંદિરથી ધોરણ–૫ ના બાળકો, બીજા વિભાગમાં ધોરણ–૬ થી ધોરણ–૧૦ ના બાળકો અને ત્રીજા વિભાગમાં ધોરણ–૧૧ કે તેનાથી મોટી ઉમરના કોઈ પણ વ્યકિતઓ ભાગ લઈ શકશે.** દરેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર વિજેતાને અનુક્રમે રૂ.૫૦૧/–, રૂ.૩૦૧ /– અને રૂ.૧૫૧/– રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. **તે ઉપરાંત સવારે ૦૮:૩૦ કલાકે ચકુ તલાવડી, અકવાડા ટેઈલ ટેન્ક, અકવાડા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવશે. જેમાં ભાવનગર શહેરનાં ગણમાન્ય વ્યકિતઓ ઉપસ્થીત રહેશે.**

**વિશ્વ પર્યાવરણ દિવસ ની વર્ષ ૨૦૧૬ની થીમ વન અને વન્ય જીવોનો ગેર કાયદેસર વ્યાપાર માટે શુન્ય સહિષ્ણુતા પર નિબંધ સ્પર્ધાનું આયોજન થયેલે.** નિબંધ સ્પર્ધામાં પ્રથમ (રૂ. ૫૦૦/–), દ્વિતીય (રૂ.૩૦૦/–) અને તૃતિય (રૂ.૧૫૧/–) ક્રમે આવનાર વિજેતાને ૫ જૂન,૨૦૧૬ વિશ્વ પર્યાવરણ દિવસ દરમ્યાન મોતીબાગ ટાઉનહોલ ખાતે પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા પૂર્ણ થતાની સાથેજ ઈનામ જાહેર કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જે લોકોએ પોતાનો નિબંધ જમાં કરાવેલ છે તે લોકોએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

ઉપરોકત કાર્યક્રમની વધારે માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર પર ફોન (૨૫૭૦૧૧૧/૧૧૦) નો સંપર્ક કરવો.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.